पं. तत्त्वविजयगणिकृत

# स्थूलिभद्र-बारमासा ॥

–विजयशीलचन्द्रसूरि

"**वाचक जस**"ना शिष्य **पंडित तत्त्वविजय** गणिनी विदग्ध प्रतिभानी झलक दर्शावतुं आ लघु-काव्य "बारमास" एक चिरंतन तेमज चिरपरिचित स्नेहकथाना एक खास बनावने केन्द्रमां राखीने रचायुं छे : स्थूलभद्र अने कोशानो विरह. बार बार वर्षना अखंड साहचर्य अने अद्वैतमढ्यां सांनिध्य बाद, जीवनने हलबलावी मूकनारी एक दर्दनाक घटनाने कारणे बे प्रेमीओनो वियोग थयो. वियोगनी ए क्षणोनी, विजोगण कोशानी घेरी वेदनाने तेम ज प्रियतमनी उत्कट प्रतीक्षाने कविए आ लघु-कृतिमां सुपेरे शब्ददेहे आप्यो छे.

"**हरीआली**" ए कोयडो, समस्या, उखांणुं के कूट काव्य तरीके ओळखावी शकाय तेवो, पण आध्यात्मिक, काव्य-प्रकार छे. मात्र शब्दार्थ-पकडवा जईए तो आनो उकेल नहि जडे. अध्यात्म दृष्टिए विचारीए तो ज तेनो मर्म उकले. आ अर्थमां आने रहस्यवादी काव्य-प्रकार पण कही शकाय.

**प्रतिपरिचय :** बे पानांनी आ प्रत, ला.द.विद्यामंदिर, अमदावादनी छे. (क. २७७६६). तेमां प्रथम "**बारमासा**" छे, अने ते पछी "**हरीआली**" छे, जे पण अत्रे मुद्रित करवामां आवे छे, अने तेना कर्ता पण **पं. तत्त्वविजयजी** ज छे.

प्रतिना लेखक **मुनि प्रेमविजयजी** छे; ते १८मा शतकना पूर्व भागमां पण विद्यमान होवानुं निश्चित छे, (यशो.स्वा.ग्रंथ, पृ.२८).

## पंडित तत्त्वविजयगणिकृत
## स्थूलिभद्र-बारमासा ॥

सकलपंडितसभाभामिनीभालस्थलतिलकायमान – पंडित श्री १९श्री तत्त्वविजयगणि चरण कमलेभ्यो नमः ॥

थूलिभद्रतणइं विरह किं कोश्या दुख सहइ रे २।
सहि[य]र एक संदेश किं वालंभनिं कहइ रे ।
ऊंभी जोउं वाट किं हूं गोखिं खडी रे ।
हुं झूरुं निशदीश किं नींद नावइं अधघडी रे २ ॥१॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सखि आयो **मास आसाढ** किं जलहर उं नहीं रे २ ।
घोर घटा करी गाजइ किं नीर रेलइ मही रे २ ।
पावस पंथी गेह किं नीर रेलइ मही रे २।
इणि रति छोडी धण[1] किं परदेशिं कुण फिरइ रे २ ॥२॥

झिरमिर वरसइं मेह किं **श्रावण** शरवलइ रे २ ।
नेह जगावइं जोर किं दुख ज कुण कलइ रे २ ।
प्रीतम प्राणाधार किं इम नवि कीजीइ रे २।
पहिलां प्रीत ज जोड किं छेह न दीजीइ रे २ ॥३॥

**भादरवानी** राति किं हुइं विहरणि(विरहणि) समी रे २ ।
न सुहाइं सोल शृंगार किं हूं विरहइं दमी रे २।
सुहाली ए सेज किं अनल परिं मुझ धखइ रे २।
हीर चीर पटकूल किं न सुहाइ प्रिउं पखइ रे २ ॥४॥

**आसोइं** हती आश किं **नवराति खेलस्युं** रे २ ।
जिमाडिस प्रिउं हाथ स्युं हुं निज गेलस्युं रे २ ।
जेहस्युं बांध्या प्राण किं ते किम वीसरइ रे २ ।
सास पहिलां तेह किं फिरी फिरी सांभरइ रे २ ॥५॥

आयो **कार्त्तिक मास** किं **दीवाली** सहू करइ रे २।
खाजां लाडू सेव किं हरख मनमां धरइ रे २।
प्रिउंडो नहीं मुझ घर किं विलपूं एकली रे २॥६॥[2]

माननि **मागसिर मास** किं मन्मथ पीडइं घणुं रे २।
नाण्यो नेह लगार किं बार वरस तणो रे २।
निसनेही एहवा पुरुष स्यो विश्वास एहनो रे २।
वलती न पूछइं स्वारथ पूरो तेहनो रे २॥७॥

**पोसइ** ते पूरव प्रीत किं पिउडां पालीइ रे २।
आवी सिंचो नेहनीर किं दुखडुं टालीइ रे २।

---

१. प्रिया । २.चोथी पंक्ति लेखनमां छूटी गई होय तेम जणाय छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ताली देई गयो मुज्झ किं वालिंभ न आवीओ रे २।
तूं हतो भोगी भमर किं योग किम भावीओ रे २॥८॥

**माह महीनइं** मुज्झ किं टाढि वाइं घणी रे २।
मंदिर सेज तलाई किं लागइं अलखामणी रे २।
घरमां पामरी चीर किं ओढी ते नवि गमइ रे २।
चितडुं माहरुं अहनिशि तुम्ह पासइ भमइ रे २ ॥९॥

वाइ वाय प्रचंड किं **फागुण** फरहर्यो रे २।
घरि घरि खेलइं फाग किं चतुरलोक परवरो रे २।
लाल गुलाल अबीर किं केसरइं कर्यां छांटणां रे २।
चंग मृदंग डफ वाजइ किं ताल ज अतिघणां रे २॥१०॥

**चैत्रइं** चंपकमाल किं चतूर गूंथावता रे २।
निजनारीनइं कंठ किं रंगि सुहावता रे २।
तुझ विरहइ फूलमाल किं नाग काला जिसी रे २।
कसबाई सब मुज्झ किं लागइं अगनि तिसी रे २॥११॥

**वैशाखइं** अंब-शाख किं कीजइं कातली रे २।
खीर खांड घृत भोजन पोली पातली रे २।
तुझ विण जिमतां सोर किं न वहइं साहिबा रे २।
आवि तुं वहिलो जिमाड किं भोजन एहवां रे २॥१२॥

उन्हालइं **जेठ मास** किं ताप करइं घणो रे २।
चंदन शीतल वारि किं जाणे दाह दवतणो रे २।
कारंज गोखि आगाशी किं बइसवुं नवि गमइं रे २।
अनुभवि प्रीतम वात किं ते वीसरइ किमइ रे २॥१३॥

ए गाया **बारमास** किं कोश्याइं नेहइ करी रे २।
थूलिभद्र आव्या चोमास किं कोश्याइं गेहइं हर्ष धरी रे २।
कीधी श्राविका शुद्ध किं मिथ्यात्ववासना टलीरे २।
सीधां वंछित काज किं **तत्त्वविजय** आश्या फली रे २॥१४॥

इति श्री स्थूलिभद्र द्वादशमास संपूर्णम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org